નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૧૨૩
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૮/૧૧/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ–** **નામ બદલવાના કિસ્સાઓ કે જેમાં ફકત કંપની/ભાગીદારી પેઢીનું નામ બદલવાનુ હોય અને મૂળ ફાળવણીદારોનો હિસ્સો ૧૦૦% જળવાઈ રહેતો હોય તેવા કિસ્સાઓમાં કાર્યવાહી કરવા બાબતે**

સંદર્ભઃ– (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/ પોલીસી/૮૯ તા. ૦૬/૦૭/૨૦૧૭
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ વિત/ તબદ/ પોલીસી/ ૩૧/ ૦૬/ ૧૮, તા.૦૮.૧૧.૨૦૦૬
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/ સીઆઈઆર/ એએલટી/ પીઓએલ/ ૧(૬)– ૩૧૬૬૫ – ૯૬, તા.૧૦.૦૯.૧૯૯૬

નિગમ ધ્વારા નીતિ વિષયક પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/ સીઆઈઆર/ એએલટી/ પીઓએલ/ ૧(૬)–૩૧૬૬૫–૯૬, તા.૧૦.૦૯.૧૯૯૬ થી ઔપચારીક અને બિનઔપચારીક પ્રકારના તબદીલીના કિસ્સાઓ અંગેની વિગતો રજુ થયેલ છે. પ્લોટ / શેડની તબદીલી કુટુંબના સભ્યો વચ્ચે થતી હોય ત્યારે કુટુંબની વ્યાખ્યા નિગમના પરિપત્ર તારીખઃ૦૮.૧૧.૨૦૦૬ માં જણાવેલ છે.

નિગમમાં તબદીલી અંગે પ્રવર્તમાન નીતિ વિષયક પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પોસ્ટ વિતરણ/ પોલીસી/૮૯, તારીખઃ૦૬.૦૭.૨૦૧૭ અમલમાં છે. તબદીલીના કિસ્સાઓમાં ઔપચારીક પ્રકારની તબદીલી અને બિનઔપચારીક પ્રકારની તબદીલીનો સમાવેશ થાય છે. જો મૂળ ફાળવણીદારનો હિસ્સો ૧૦૦% જળવાઈ રહેતો હોય અને જો કંપની / ભાગીદારી પેઢીના નામમાં ફેરફાર થતો હોય તો તેવા કિસ્સાઓને પણ ઔપચારીક પ્રકારની તબદીલી ગણી તબદીલીની નીતિ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. જેથી કંપની/ભાગીદારી પેઢીનું નામ બદલવાના કિસ્સામાં નીચે મુજબની સ્પષ્ટતા જારી કરવામાં આવે છે.

(૧) જે કિસ્સાઓમા ફકત કંપની / ભાગીદારી પેઢીનુ નામ બદલાતુ હોય પરંતુ મૂળ ફાળવણીદારોનો હિસ્સો ૧૦૦% જળવાઈ રહેતો હોય તેવા કિસ્સાને તબદીલીના કિસ્સો ગણવાનો રહેશે નહિ.

(૨) ફાળવણીદારે આ બાબતે કંપનીના શેરહોલ્ડરો / ભાગીદારી પેઢીના સભ્યોનો ૧૦૦% હિસ્સો જળવાઈ રહે છે, તે અંગેના જરૂરી આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૩) નિગમના તમામ બાકી લ્હેણાં વસુલ લેવાના રહેશે.

(૪) કોઈ તબદીલી ફી વસુલ લેવાની રહેશે નહિ.

(૫) જો પ્લોટ / શેડ વણવપરાશી–ખુલ્લો હોય તો નિગમના નીતિ નિયમ મુજબ વણવપરાશી સમયગાળા માટે પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૨% લેખે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે.

(૬) આવા કિસ્સોઓમાં ફાળવણીદારે જરૂરી આધારા પુરાવા સાથે નિગમને અરજી કરવાની રહેશે અને નિગમ ધ્વારા નામ બદલી આપવા અંગેનો શરતીય હુકમ અને આખરી હુકમ જારી કરવાનો રહેશે નહિ.

(૭) નિગમના નીતિ નિયમ મુજબ એનેક્ષર–એ, એનેક્ષર–બી, ડીડ ઓફ અસાઈનમેન્ટ મેળવવાનું રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

– સહી–
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:–</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી ગ્રેડ–૧ (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**